# બોરીજના દબાણ હટાવવા મેગા ઓપરેશન

**સવારથી તંત્ર લોખંડી પોલીસ સુરક્ષા વચ્ચે પાકા દબાણો હટાવવા કામે લાગી ગયુ : ૨૬૪ પાકા મકાનોને નોટીસો ફટકારાઈ હતી : ૬૦ મકાનો પર જેસીબી ફરી વળ્યા ને બપોરે હાઈકોર્ટમાંથી બે દિવસ માટેનો સ્ટે મળતા દબાણ હટાવ કામગીરી સોમવાર સુધી મોકુફ રખાઈ**










ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી નિવાસસ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાં વર્ષોથી પાકા મકાનોના દબાણો બંધાઈ ગયેલા છે. એટલુ જ નહી આ પાકા મકાનોના દબાણના લાખોના સોદા કરી વેચાણ પણ થાય છે અને મકાનો ભાડે આપી હજારો રૂપિયાના ભાડા ભુમાફીયાઓ વસુલે છે. જિલ્લા કલેક્ટરના આદેશથી આજે વહેલી સવારે લોખંડી પોલીસ સુરક્ષા વચ્ચે દબાણતંત્ર દ્વારા બોરીજના દબાણનુ મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. બોરીજના દબાણકર્તા રહીશોના ભારે વિરોધ વચ્ચે આખરે જેસીબી ફેરવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બપોરે હાઈકોર્ટમાંથી સ્ટે લઈ આવવામાં આવતા આખરે સોમવાર સુધી દબાણ હટાવ ઝુંબેશ મોકુફ રાખવામાં આવી છે. જો કે બપોર સુધી ૨૬૪ પૈકી ૬૦ જેટલા પાકા મકાનોને જમીન દોસ્ત કરી દેવાયા હતા.

જિલ્લા કલેક્ટર કક્ષાએથી ગઈ મોડી સાંજે પોલીસતંત્ર અને ફાયરબ્રિગેડ ઉપરાંત આરએન્ડબી સહીત દબાણતંત્રને વહેલી સવારે સરકીટહાઉસ સર્કલ પાસે સ્ટેન્ડ ટુ રહેવા સુચના આપી દેવાઈ હતી. વહેલી સવારથી આકસ્મીક દબાણ હટાવવાનું મેગા ઓપરેશન હાથ ધરવાની કવાયત અધિકારીઓના બ્રીફીંગ બાદ શરૂ કરી દેવાઈ હતી. દબાણ હટાવવાના મેગા ઓપરેશન અંગે જાણ થતા સ્થળ પર ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મનપા વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેટરો અને યુનુસ પરમાર સહીતના આગેવાનો આવી પહોંચ્યા હતા. તંત્ર સાથે રજુઆતો શરૂ કરવામાં આવી પરંતુ દબાણ ઝુંબેશ ચાલુ રહ્યુ હતુ. બોરીજની મહિલાઓએ જેસીબીને અંદર આવતા અટકાવવા માનવસાંકળ રચી દીધી હતી. કેટલીક મહિલાઓ જેસીબી આડે આવી ગઈ હતી અને પોતાના શરીર ઉપરના જેસીબી ફેરવાઈ જશે તોય દબાણ હટાવવા નહી દે તેવી

● અનુસંધાન પાન-૭ પર



## ઘરનું રાચરચીલુ અને મોંઘાદાટ ફર્નિચર જોઈ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા

દબાણ તોડવા માટે ગયેલી ટીમના અધિકારીઓ પણ દબાણકારોનું રાચરચીલુ ફર્નીચર તેમજ મોંઘીદાટ વિવિધ ચીજવસ્તુઓ જોઈ ચોંકી ગયા હતા. પતરાવાળા કેટલાક મકાનમાં બે-બે એસી ફીટ કરેલા હતા. જયારે કેટલાક મકાનો તો શહેરી વિસ્તારમાં પણ ન હોય તેવા આલિશાન હતા. જયારે મોટાભાગના તમામ મકાનોમાં એસી, ફ્રીઝ, એલઈડી ટીવી, કુલર, ડબલ બેડના પલંગ, સહિત મોંઘીદાટ ચીજવસ્તુઓ ઘર તુટતા બહાર પડેલી નજરે પડતી હતી.

## દબાણકર્તાઓએ ગેરકાયદેસર વિજજોડાણ અને ગેસ જોડાણ મેળવ્યા

તમામ દબાણકર્તાઓએ તલાટી પાસેથી દબાણ નથી, તેવા પુરાવા ઉભા કરીને વિજ જોડાણ તેમજ પીએનજી ગેસ કનેકશન મેળવ્યા હતા. દબાણ હટાવવા માટે ટીમ ગઈ છે. તેની જાણ થતા જ ગેસ કનેકશન બંધ કરવા માટે તેમજ વિજ જોડાણ બંધ કરીને મીટર નીકાળવા માટે તંત્રના અધિકારીઓથી માંડીને કર્મચારીઓ પણ દોડાદોડી કરતા નજરે પડ્યા હતા.

## ભૂમાફિયાઓની તંત્ર સાથેની સાઠગાંઠનું પરિણામ

ગાંધીનગર શહેરમાં જમીનોના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે વિશ્વ પ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની પાસે આવેલા બોરીજ ગામમાં ખુલ્લી પડેલી સરકારી જમીન પર ભુમાફિયાઓનો ડોળો પડતા તંત્ર સાથે સાંઠગાંઠ કરીને પ્લોટ વેચવાનું શરુ કર્યુ હતું.

ત્યારબાદ તે પ્લોટના રૂપીયાથી જ કેટલાક મકાનો ઉભા કરીને ભાડે આપ્યા હતા. આ રીતે સરકારની ખુલ્લી પડી રહેલી જગ્યા પર પાકા મકાનો બાંધીને દબાણ ઉભુ કરીને ભુમાફિયા કમાયા છે, જ્યારે આજે દબાણમાં એક પછી એક મકાન ધરાશાયી થતા સામાન્ય નાગરીકોને રોવાનો વારો આવ્યો છે.

## યુવાનની આત્મવિલોપનની ચીમકી

અક્ષરધામ પાસેના ગેરકાયદેસર મકાનો પર વહીવટી તંત્ર અન્ય ટીમો સાથે પોલીસ કાફલા સાથે બુલડોઝર ફેરવવા ગઈ ત્યારે સૌ પ્રથમ એક યુવાને હિંમત કરીને દબાણ હટે નહી તેની માટે આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. પરંતુ તુરંત જ પોલીસે તે યુવાનને ડીટેઈન કરીને લઈ ગઈ હતી.ત્યારબાદ દબાણ હટાવ કામગીરીનો પ્રારંભ થયો હતો.

## બોરીજના દબાણકારોના વીજ જોડાણ કાપી વિજકંપનીના કર્મચારીઓ કલટી કાપી ગયા



ગાંધીનગર નજીકના બોરીજ ગામમાં ગેરકાયદેસર દબાણો પર તંત્રનુ બુલડોઝર ફરી વળ્યુ હતુ. આ સમયે વીજ સપ્લાય કરતી ટોરેન્ટ કંપનીએ પણ દબાણની કામગીરીમાં દોડી આવી હતી અને ગેરકાયદેસર દબાણો ધરાવતા ૨૬૪ મકાનોમાંથી વીજ જોડાણ કાપી નાખ્યા હતા અને ઈકોમાં ભરી લઈ ગયા હતા પરંતુ ટોરેન્ટ કંપનીએ શુ આ વીજ જોડાણ આપતા પહેલા કોઈ પણ પ્રકારના પુરાવા જોવાની તસ્દી પણ ન્હોતી લીધી કે શુ ટોરેન્ટ કંપની કયા આધારે વીજ જોડાણો આપ્યા હતા તે હજુ સુધી સમજાતુ નથી. આ વીજ જોડાણ સાથે રાંધણગેસની પાઈપલાઈનો પણ તંત્રએ આ દબાણારોને ફાળવી દિધી હતી. શુ તંત્રને ત્યારે કોઈ પણ પ્રકારની ખબર ન હતી તે સમજાતુ નથી.

## પ્રસૂતાની હાલત કફોડી બની

અક્ષરધામ પાસે બોરીજ ગામની સરકારી જમીન પર ઉભા થયેલા મકાનો આજે તંત્રની ટીમ દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. ત્યારે મકાન તુટી પડતા નાગરીકો બે ઘર બની ગયા છે. ઘર આગળ ખુલ્લી જમીનમાં સામાન મુકી સમય પસાર કર્યો હતો. ત્યારે હેતલબેન પરમાર પોતાના પિયરમાં ડિલીવરી માટે આવી હતી અને આમે ૩ દિવસ ડીલીવરીને થયા છે. ત્યારે નાની બાળકી સાથે પ્રસુતા કાળઝાળ ગરમીમાં અન્ય મકાનમાં ઓટલા પર સુઈ રહેલી નજરે પડી હતી. જ્યારે લકવાગ્રસ્ત ડાહ્યાભાઈની હાલત પણ કફોડી બની જવા પામી હતી. જ્યારે ગરમીમાં અન્ય નાગરીકોની હાલત પણ ખરાબ થઈ જવા પામી હતી.

**દબાણ હટાવ ઝુંબેશની સાથે સાથે...**

## નવ જુદા જુદા વિભાગોના અધિકારીઓ એક સાથે હાજર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામની સરકારી જમીન પર થયેલા દબાણોને લઈ જિલ્લા કલેક્ટર એસ.કે લાંગાએ રેવન્યુ, આરોગ્ય, પા. યોજના, નગર નિયોજક, પોલીસ, ગુજરાત ગેસ, ટોરેન્ટ પાવર સહિતના વિભાગોના કર્મચારીઓ અધિકારીઓને વહેલી સવારથી જ કામગીરી સોંપી દીધી હતી. પા.યો. વિભાગ તેમજ જમીન ફાળવણી દબાણશાખાના અધિકારીઓને સ્થળ પર વિશેષ જવાબદારી સાથે હાજર રાખવામાં આવ્યા હતા.

● **સેલ્ટર માટે પણ વ્યવસ્થા કરાઈ હતી**

દબાણ હટાવવાની ઝુંબેશના અભિયાનમાં તાત્કાલિક મકાન ગુમાવનારને આશરો મળી રહે તે માટે તંત્રએ ખાસ સેલ્ટરની પણ વ્યવસ્થા કરી હતી. જો કે કોઈ સેલ્ટરમાં ગયા ન હતા.

● **૩૦૦થી વધુને ફૂડ પેકેટ્સ અપાયા**

આજે આ અભિયાનમાં જેમના મકાન તોડી પડાયા તેવા પરિવારના સભ્યો માટે જિલ્લાતંત્રએ ખાસ ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરી હતી અને ૩૦૦થી પણ વધુ લોકોને આ ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● **૩ ટીમો બનાવવામાં આવી હતી**

આજની આ દબાણ હટાવ ઝુંબેશ માટે એ, બી, સી, એમ ત્રણ ટીમો બનાવવામાં આવી હતી.

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ માન્ય ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૩૦૦/૨૮૫

**પ્રવેશ જાહેરાત ૨૦૧૮-૨૦૧૯**

નીચેની વિદ્યાશાખા અંતર્ગત વિવિધ વિષયોમાં અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) માટે પ્રવેશ ઉપલબ્ધ છે.

**(૧) વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી :** MCA, PGDCA, PGDCHN, MBA (Rural Management રાંધેજા સંકુલ) **(૨) ભાષાઓ અને સાહિત્ય :** MA ગુજરાતી, હિન્દી, અંગ્રેજી (English સાદરા), પ્રયોજનમૂલક હિન્દી અનુસ્નાતક ડિપ્લોમા, હિન્દી અનુવાદ અનુસ્નાતક ડિપ્લોમા, **(૩) સામાજિક વિજ્ઞાન :** MA અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, જૈનદર્શન **(૪) ગાંધીદર્શન અભ્યાસક્રમ :** ગાંધી અધ્યયન **(૫) વ્યાવસાયિક અભ્યાસક્રમ :** MA માનવ સંસાધન વિકાસ (HRD), પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (MJMC), સમાજકાર્ય (MSW), મનોચિકિત્સકીય સમાજકાર્ય (MPSW), ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન (B.Lib., M.Lib.), દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમ નિર્માણ અનુસ્નાતક ડિપ્લોમા **(૬) શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન :** M.P.E.S., M.P.Ed, B.P.Ed (સાદરા), MYASc. (માસ્ટર ઑફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ), યોગવિદ્યામાં અનુસ્નાતક ડિપ્લોમા, યોગવિદ્યા પ્રમાણપત્ર (અમદાવાદ) **(૭) વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન :** M.Sc. માઈક્રોબાયોલોજી, M.Sc. ઍન્વાયર્મેન્ટલ સાયન્સિસ એન્ડ ટેક્નોલોજી (સાદરા)

**લઘુત્તમ લાયકાત :**

(૧) M.Sc. (માઈક્રોબાયોલોજી), MSW, યોગ વિદ્યા અને MCA માં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે. M.Sc. (B.Sc. માં ૫૫%) તેમજ MSW, MPSW માટે સ્નાતક કક્ષાએ ૫૦% જરૂરી

(૨) M.A. / PG Diploma (દરેક વિષય) માટે સ્નાતક કક્ષાએ ૪૦% જરૂરી

**પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે**

**અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૮/૦૬/૨૦૧૮**

**નોંધ :** ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ દિવ્યાંગને ૫ ટકા અને જમ્મુ કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.

**ખાસ નોંધ :** ઉપરોક્ત તમામ વિષયોની સંપૂર્ણ માહિતી અને અરજીપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org ઉપર ઉપલબ્ધ છે.
ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લાં વર્ષ/સત્રની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.

તા. ૦૫/૦૫/૨૦૧૮ ડો. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

## આગામી ૧૨ જુનથી જિલ્લાના ૬૦૦ શિક્ષકોને નવા અભ્યાસક્રમ અંગે તાલીમ

**એન સી ઇ આર ટીના નવા અભ્યાસક્રમને અનુલક્ષી ધોરણ -૯ ના શિક્ષકોને ગણિત અને વિજ્ઞાન વિષયની તાલીમ અપાશે**

ગાંધીનગર તા ૫

એન સી ઈ આર ટીના અભ્યાસક્રમ મુજબ નવા પુસ્તકોને અનુલક્ષી તબક્કાવાર શિક્ષકોની તાલીમ યોજવામાં આવી રહી છે. નવા પુસ્તકોના આધારે આગામી નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ પુરુ પાડવા માટે શિક્ષણ તંત્ર દ્વારા શિક્ષકોને તાલીમ આપવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રાથમિક ઉપરાંત ધોરણ -૯ અને ધોરણ -૧૧ ના શિક્ષકોને વિવિધ વિષયોની તાલીમ આપવા માટે આયોજન કરાયુ છે. જેમાં ધો-૧૧ ના વિષય શિક્ષકોની તાલીમ હાલ ચાલુ છે. જયારે ધોરણ -૯ ના શિક્ષકોને તાલીમ આપવા હવે આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આગામી તા ૧૨ થી ૧૮ જુનના રોજ ધોરણ -૯ ના શિક્ષકો માટે ખાસ તાલીમ વર્ગ યોજવામાં આવશે. જિલ્લામાંથી ૬૦૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.

આગામી તા ૧૨ થી ૧૮ જુન દરમિયાન રોજ ગણિત વિષયના શિક્ષકો માટે તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયને અનુલક્ષી શિક્ષકોની તાલીમ યોજવામાં આવશે. આ શિક્ષકોની તાલીમને અનુલક્ષી બન્ને વિષય શિક્ષકો માટે કુલ ૩૦ તજજ્ઞોને જવાબદારી સોંપવામાં આવી છે.ગણિત અને વિજ્ઞાનના ૬૦૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવા માટે આ આયોજન કરવામાં આવ્યુ છે.બિનનિવાસી આ ત્રિવસીય તાલીમને અનુલક્ષી પુરતી વ્યવસ્થા પણ શિક્ષણતંત્ર દ્વારા કરવામાં આવી છે. જે ઈ ઈ તેમજ નીટની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓને પરીક્ષામાં વધુ સરળતા રહે તેમજ વિદ્યાર્થીઓ આ સ્પર્ધાત્મક શિક્ષણ માટે વધુ સજ્જ થાય તે માટે આ નવા અભ્યાસક્રમ મુજબ તાલીમનુ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જુન મહીનાથી શરૂ થનારા નવા શૈક્ષણિક સત્ર દરમિયાન આ નવા અભ્યાસક્રમના અમલને અનુલક્ષી વિશેષ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

**ઓફીસ ભાડે**

આશરે ૬૦૦ ચો. ફૂટ (ત્રણ ચેમ્બર) ભાડે આપવાની છે.

પ્લોટ નં. ૬૬૪, શાંતિપેલેસ, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૨૩૬૫૯
મો. ૯૪૨૮૦ ૪૬૪૮૬

**અંતિમયાત્રા**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
**કાન્તાબેન બી. છનિયારા**
તા ૦૪/૦૫/૨૦૧૮ ના રોજ
અક્ષરવાસી થયેલ છે.
સદ્‌ગતની અંતિમયાત્રા
તા **૦૬/૦૫/૨૦૧૮** ને **રવિવાર**ના રોજ
**સવારે ૧૦:૩૦** કલાકે રાખેલ છે.

સ્થળ:
**પ્લોટ નં: ૩૦૭, સેક્ટર ૨૦, ગાંધીનગર**

લિ.
**અશોક છનિયારા**
**ડૉ. અજય છનિયારા**




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com